सत्यमेव जयते

| | |
|---|---|
| રજુ તારીખ | ૦૫/૦૩/૨૦૨૬ |
| દાખલ તારીખ | ૦૫/૦૩/૨૦૨૬ |
| ફેંસલ તારીખ | ૧૨/૦૩/૨૦૨૬ |
| સમયગાળો | |
| વર્ષ ૦૦   માસ ૦૦   દિવસ | |

**મે.ખેડા જીલ્લાના ચોથા એડીશ્નલ સેશન્સ જજશ્રીની અદાલતમાં, મુકામ :- નડીઆદ.**

COURT OF SESSIONS KHEDA AT NADIAD

**ક્રિમીનલ પ.અરજી નં. ૨૭૪/૨૦૨૬**
**આંક: -**

**અરજદાર :** ગોતાભાઇ સોમાભાઇ રાવળ(આરોપી નં.૧)
ઉ.વ.આ.૭૫,
રહેવાસી :જાલભાઇની મુવાડી, ગામ સરસવણી,
તા.મહેમદાવાદ,જી.ખેડા.
(હાલ : સબ જેલ બિલોદરા )

વિરૂધ્ધ

**સામાવાળા :** ગુજરાત સરકારશ્રી

**બાબત :-** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૪૩૯ (ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૪૮૩) મુજબ રેગ્યુલર જામીન મેળવવાની અરજી...

અરજદાર તરફે વિ.વ.શ્રી આઇ.કે.પરમાર
સામાવાળા તરફે વિ.પી.પી.શ્રી ડી.આર.બારોટ

## જજમેન્ટ

(૧) આ કામના અરજદાર/આરોપીએ હાલની અરજી મહેમદાવાદ પોલીસ સ્ટેશન ફ. ગુના રજીસ્ટર નં.-૧૧૨૦૪૦૪૧૨૬૦૨૧૨/૨૦૨૬, બી.એન. એસ.ની કલમ-૧૦૩(૧),૫૪ મુજબના શિક્ષાનેપાત્ર ગુના અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ-૪૮૩ (ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૪૩૯) અન્વયે સદર અરજી કરેલ છે.

(૨) સદર અરજી અત્રેની અદાલતમાં દાખલ થતા રજીસ્ટરે લઇ સરકારશ્રીને નોટીસ કાઢવામાં આવેલી. જે અન્વયે વિ.પી.પી.શ્રી હાજર થયેલા છે. તેઓએ પોલીસ તપાસના કાગળો તથા આંક:૦૫ થી તપાસ કરનાર અમલદારનું સોગંદનામું રજુ કરેલ છે.

(૩) અરજદારના વિ.વ.શ્રીએ આંક:૬ થી રજુ લેખીત દલીલોમાં જણાવેલ છે કે,અરજદારે કહેવાતો કોઇ ગુનો કરેલ નથી, અરજદાર નિર્દોષ છે,સદરહું કામે ફરીયાદ વંચાણે લેતા,કહેવાતા બનાવ સમયે તેઓ રૂદણ ગામે ઇન્ડીયન બેંકમાંખાતું ખોલાવવા ગયેલ હતા તે સમયે તેઓના ભાભી સોનલબેને કહેવાતા બનાવની વિગત ફોન ઉપર આ કામના ફરીયાદીને જણાવેલ છે પરંતુ, રજુ થયેલ ફરીયાદમાં ફોન નંબરની કોઇ વિગત જણાવેલ નથી. આમ,ફરીયાદીને બનાવ અંગેની કોઇ જાત માહીતી નથી કે તેઓએ બનાવ નજરે જોયેલ નથી. વળી, કહેવાતો બનાવ તારીખ:૨૬/૨/૨૬ ના રોજ બનેલ છે જયારે ફરીયાદ બે દીવસ બાદ એટલે કે,તા.૨૮/૨/૨૬ ના રોજ આપેલ છે,આમ,બે દીવસ મોડી ફરીયાદ આપ્યા બાબતનો કોઇ ચોકકસ ખુલાસો ફરીયાદમાં જણાવેલ નથી. જેથી બનાવ શંકાશીલ જણાય છે. ફરીયાદીએ અરજદાર સામે કરેલ આક્ષેપો પાયાવિહોણા જણાય છે. કહેવાતો બનાવ રીક્ષા ભાડાની ઉઘરાણી બાબતનો ઉપજાવી કાઢવામાં આવેલ છે. જેથી ફરીયાદ શંકાશીલ હોય માનવાલાયક

નથી. સદર કહેવાતા બનાવમાં આ કામના અરજદાર/આરોપીને ખોટી રીતે શંકાના આધારે સંડોવવામાં આવેલ છે. અરજદાર ગરીબ વર્ગના બીમાર વયોવૃધ્ધ માણસ છે અને મજુરી કરી ગુજરાન ચલાવે છે, અરજદાર  તથા તેમનો દીકરો બંને સબ જેલ બીલોદરા,નડીઆદમાં છે. અરજદારના ઘરે તેમના દીકરાની વહુ તેના પાંચ સગીર બાળકો સાથે એકલી રહે છે અને તે તેના બાળકોનું ભરણપોષણ કરવામાં સક્ષમ નથી. અરજદાર કુંટુંબ કબીલાવાળા માણસ છે, નાસી-ભાગી જાય તેમ નથી, કુંટુંબની તમામ જવાબદારી તેમના શિરે છે, અરજદારનો આ પ્રથમ ગુનો છે, અગાઉ કોઈ ગુનામાં સંડોવાયેલ નથી,આ જામીન અરજી સિવાય બીજી કોઈ કોર્ટમાં જામીન અરજ દાખલ કરેલ નથી, અરજદાર  ટ્રાયલ દરમ્યાન કોર્ટમાં દર મુદતે હાજર રહેવાની તથા તપાસમાં સાથ-સહકાર આપવાની બાંહેધરી આપે છે, તેમજ નામદાર કોર્ટ ફરમાવે તેવી તમામ શરતોનું પાલન કરવા ખુશી હોવાનું જણાવી અરજદારને જામીન મુકત કરવા અરજ ગુજારેલ છે.

(૪) સરકાર તરફે વિ.પી.પી.શ્રીએ તેમની મૌખિક દલીલોમાં મહદઅંશે પોલીસ રીપોર્ટ પ્રમાણેની હકીકત જણાવેલ છે. વિશેષમાં તેઓની દલીલોમાં રજુઆત છે કે, આ ગુનાની તપાસ હાલમાં ચાલુ છે. આ કામે અરજદાર/આરોપીએ મરણ જનાર સાથે બોલાચાલી ઝઘડો કરી ગડદાપાટુનો માર મારેલ હોય અને તેની સાથેના દશરથભાઈએ લાકડાનો ડંડો મરણ જનારને માથાના ભાગે મારી તથા બીજી ઝાપોટ મરણ જનારના જમણા પગમાં મારી ગંભીર જીવલેણ ઈજા કરી, મોત નિપજાવી ગુનો કરેલ છે. આ કામે ફરીયાદી / સાહેદો તથા આરોપીઓ એક જ ગામાના એક જ સમાજના અને એક જ ફળીયામાં રહેતા હોય આરોપી જામીન ઉપર મુક્ત થયેથી ફરીથી બીજો મોટો કોગ્નીઝેબલ ગુનો થવાની સંભાવના રહેલ હોય આરોપીને જામીન ઉપર નહી છોડવા અરજ છે.

(૪.૧) સદર અરજીના કામે તપાસ કરનાર અમલદારશ્રીએ તેમના આંક : ૦૫ થી રજુ સોગંદનામામાં જણાવેલ છે કે, આ ગુનાની તપાસ

હજી ચાલુ છે તેમજ  ફરીયાદી, સાહેદો તથા આરોપી એક જ ગામના એક જ સમાજના અને એક જ ફળીયામાં રહેતા હોય, આરોપી જામીન ઉપર મુક્ત થયેથી ફરીથી બીજો મોટો કોગ્નીઝેબલ ગુનો થવાની સંભાવના નકારી શકાય તેમ ન હોવાનું જણાવી અરજદાર/આરોપીને જામીન પર મુકત નહી કરવા જણાવેલ છે.

(૫) સાંભળ્યા. અરજી રજુ થયેલ દસ્તાવેજો તથા તપાસ કરનાર અમલદારનું સોગંદનામું વંચાણે લીધું

(૬) હાલના અરજદાર/આરોપી વિરૂધ્ધ બી.એન. એસ. ની કલમ –૧૦૩(૧),૫૪ મુજબના શિક્ષાનેપાત્ર ગુનાનો આક્ષેપ છે. રજુ થયેલ પોલીસ પેપર્સ ધ્યાને લેતા, હાલના અરજદાર/આરોપીએ મરણ જનાર રૂપાભાઈ સાથે બોલાચાલી ઝઘડો કરી ગડદાપાટુનો માર મારેલ હોય અને તેની સાથેના દશરથભાઈએ લાકડાનો ડંડો મરણ જનારને માથાના ભાગે મારી તથા બીજી ઝાપોટ મરણ જનારના જમણા પગમાં મારી ગંભીર જીવલેણ ઈજા કરી, મોત નિપજાવી ગંભીર પ્રકારનો ગુનો કરેલાનો આક્ષેપ છે. સદર ગુનાની તપાસ હજી પ્રાથમીક તબકકે છે. વળી, આ કામના ફરીયાદી/સાહેદો તથા આરોપીઓ એક જ ગામમાં નજીક નજીકમાં રહેતા હોય જો આરોપીને જામીન મુકત કરવામાં આવે તો, ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેડાં થવાની તથા તપાસ પર વિપરીત અસર પડવાની સંભાવના નકારી શકાય નહી.

(૭) આમ,સદર ગુના કામે તપાસ હાલમાં ચાલુ હોય ફરીયાદપક્ષના સાહેદ પુરાવા પર તથા તપાસ પર વિપરીત અસર પડવાની સંભાવના, આરોપીની ગુનાહીત ભુમીકા, તપાસ કરનાર અમલદારનું સોગંદનામું તથા ગુનાની ગંભીરતા ધ્યાને લેતા, અરજદાર/આરોપીની તરફેણમાં ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૮૩ અન્વયેની વિવેકાધીન સત્તા વાપરવી ન્યાયોચિત અને વ્યાજબી

જણાતું ન હોય ઉપરોકત તમામ ચર્ચા ધ્યાને લેતા, હાલની અરજી પરત્વે નીચે મુજબનો હુકમ કરવો ન્યાયોચિત માનું છું.

**:- હુકમ- :**

(૧) અરજદાર/આરોપી : **ગોતાભાઈ સોમાભાઈ રાવળ,** રહેવાસી : જાલભાઈની મુવાડી, ગામ: સરસવણી, તા.મહેમદાવાદ, જી.ખેડા- નાઓની હાલની ક્રિમીનલ પરચુરણ અરજી નં.૨૭૪/૨૦૨૬ આથી **નામંજુર** કરવામાં આવે છે.

(૨) હુકમની નકલ સંબંધિત જેલ મારફતે અરજદાર/આરોપીને પુરી પાડવી.

હુકમ આજરોજ તારીખ: બારમી, માહે: માર્ચ, સને:૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| નડીયાદ<br>તા.૧૨/૦૩/૨૦૨૬<br>એસ.જે.રાણા | **(મુકેશકુમાર જયંતીલાલ બ્રહમભટ્ટ )<br>ચોથા એડીશ્નલ સેશન્સ જજ,<br>ખેડા-એટ,નડીઆદ.<br>(જયુડી કોડ નં.જી.જે.૦૦૭૫૪)** |